ગાંધીનગર સમાચાર

સે-૧૨માં બિસ્માર માર્ગથી વસાહતીઓ પરેશાન

@ગાંધીનગર

● સે-૨૩માં આવેલ સ્વામિનારાયણ મંદિર ખાતે સાંજે ૫.૦૦ થી ૮.૩૦ કલાક દરમિયાન 'રક્ષા સ્નેહ તંતુ'ના કલાત્મક હિંડોળા યોજાશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન ઈલાઈચીના હિંડોળા યોજાશે.

● સે-૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે રંગોળી સાથે કાચની ડિઝાઈનના કલાત્મક હિંડોળા યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે બાલકૃષ્ણ એમ. જોષીના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૩૨૪/૧ સે-૩-બી ખાતે શિવરૂદ્રાભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ યોજાશે.

● દશામા યુવક મંડળ દ્વારા રાત્રે ૯ કલાકે સે-૨૪ (જ-૧) બ્લોક નં. ૪ પાસે આવેલ દશામાના મંદિર ખાતે માતાજીના ગરબા યોજાશે.

● સે-૨૩ સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે જયંતિભાઈ જાની સે-૨૫ વિરાટનગર (દિપકભાઈ જાની-પાયલ કલર લેબ) સે-૨૩ ખાતે રાત્રીના ૯.૦૦ કલાકે ભોળાનાથના શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના કરવામાં આવશે.

● સે-૨૬ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા ભરતભાઈ ભટ્ટના નિવાસસ્થાન પ્લોટ નં. ૪૩૨/૧ કિસાનનગર ખાતે રાત્રે ૯ કલાકે શિવ મહિમ્નના પાઠ યોજાશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે શિવકથા તેમજ વિવિધ ફુલોના કલાત્મક હિંડોળા યોજાશે.

● સે-૧ સમદર્શન આશ્રમ ખાતે શ્રાવણ માસ નિમિત્તે સાંજે ૬.૩૦ થી ૮ કલાક દરમિયાન વિષ્ણુસહસ્ત્ર નામ વિષય ઉપર પૂજ્ય ગુરૂમા સમાનંદજી દ્વારા શ્રાવણી સત્સંગ કરાશે.

ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાંથી આરોપી ફરાર

પોલીસ સ્ટેશનના પીએસઓ સહિત બે પોલીસ કર્મચારી સસ્પેન્ડ : ૧૯ વર્ષના ફરાર આરોપીને શોધવા જિલ્લાની પોલીસ દોડતી થઈ

ગાંધીનગર, તા.૩

દહેગામ પોલીસે બે ચેઈન સ્નેચીંગના આરોપી પકડયા અને સેન્ટ્રલ જેલ હવાલે કર્યા. સેન્ટ્રલ જેલમાંથી ટ્રાન્સફર વોરંટથી ઈન્ફોસીટી પોલીસ આરોપીને પુછપરછ માટે લાવી અને પોતાની કસ્ટડીમાં લીધો હતો. તે પૈકીનો એક આરોપી આજે સવારે પોલીસને થાપ આપીને ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાંથી ભાગી ગયો હોવાની ચકચારી ઘટના બનવા પામી છે. જે આરોપી ભાગી ગયો તે ૧૯ વર્ષનો છે અને તેને શોધવા જિલ્લાની પોલિસ દોડતી થઈ છે. આ પ્રકરણમાં બેદરકાર પીએસઓ સહિત બે પોલીસ કર્મીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

મળતી વિગત મુજબ દહેગામ પોલીસે તાજેતરમાં બે આરોપીઓને ચેઈન સ્નેચીંગના ગુનામાં પકડયા હતા. તેમની પુછપરછમાં ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનની હદનો એક ચેઈન સ્નેચીગનો ગુનો ડીટેકટ થયો હતો. સેન્ટ્રલ જેલ મોકલવામાં આવ્યા બાદ આરોપીને ઈન્ફોસીટી પોલીસ ટ્રાન્સફર વોરંટથી લાવી હતી અને પોતાની કસ્ટડીમાં લઈને પુછપરછ કરી રહી હતી. આજે સવારે પોલીસ સ્ટેશનના બાથરૂમમાં પાણી આવતું ન હોવાથી આરોપી અજય રમેશ ઠાકોર (ઉ.વ. ૧૯)ને બહારના વિસ્તારમાં બાથરૂમ માટે લઈ જવાઈ રહ્યો હતો ત્યારે પોલીસને ચકમો આપીને ૧૯ વર્ષનો આરોપી અજય (રહે. કડી) રફફુચક્કર થઈ ગયો હતો. પોલીસ સ્ટેશનમાંથી ભાગી છુટેલા આરોપીના મેસેજ ફરતા થતા જિલ્લાની પોલીસ તેને પકડવા દોડતી થઈ છે. નાકાબંધી કરાવવા છતાં તે શખ્સ હાથમાં આવ્યો નથી. આ મામલે સે-૭ પોલીસ મથકમાં ગુનો દાખલ થવા પામ્યો છે. તો બીજી તરફ ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનના પીએસઓ હેડ કોન્સ્ટેબલ નવનીતભાઈ નાથાલાલ અને લોકરક્ષક નરેન્દ્રસિંહ જસવંતસિંહ બે પોલીસ જવાનોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

સેકટર-૨૧માં માઉન્ટ કાર્મેલ સ્કૂલ ખાતે લાયન્સ કલબ તથા શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા આયોજિત સ્પાર્કસ-૨૦૧૬ ઈન્ટરસ્કૂલ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધાની પૂર્ણાહુતી પ્રસંગે લાયન્સ કલબના ડિસ્ટ્રીકટ ગર્વનર યોગેશ દવે ઉપસ્થિત રહ્યા હતા. અંતિમ દિવસે લોકનૃત્ય સ્પર્ધામાં પ્રથમ ક્રમે ચૈતન્ય સ્કૂલ, દ્વિતિય ક્રમે પોદ્દાર ઈન્ટરનેશનલ તથા તૃતીય ક્રમે ડીપીએસ ગાંધીનગર વિજેતા બન્યા હતા. જયારે વેસ્ટર્ન ડાન્સ સ્પર્ધામાં પ્રથમ ક્રમે ડીપીએસ, દ્વિતિય ક્રમે ઈન્ફોસીટી સ્કુલ અને તૃતીય ક્રમે માઉન્ટ કાર્મેલ તથા સે-૨૪ની સરકારી સ્કુલ સંયુકત વિજેતા રહ્યા હતા. સ્પર્ધાના આયોજક મહર્ષિ રાવલનો માઉન્ટ કાર્મેલ તથા લાયન્સ પરિવારે આભાર વ્યકત કર્યો હતો.

શહેરમાં રખડતા ઢોરની યોગ્ય વ્યવસ્થા કરવા વસાહતીઓની મનપાને રજુઆત

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરને પાંચ દાયકા વિતી ગયા છે. શહેરમાં મહાનગર પાલિકા અસ્તિત્વમાં આવે ૫ વર્ષ થઈ ગયા છે. છતા નગરના પ્રાણ પ્રશ્નોનો હજુ સુધી યોગ્ય ઉકેલ આવ્યો નથી. દબાણ, સ્વચ્છતા અને રખડતા ઢોરનો પ્રશ્ન યથાવત રહેવા પામ્યો છે ત્યારે સે-૨૮ના જાગૃત નાગરીક નિસર્ગ બુચ દ્વારા મનપા તંત્રને રખડતા ઢોર અંગે યોગ્ય વ્યવસ્થા કરવા રજુઆત કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરનો સમાવેશ સ્માર્ટ સીટીમાં કરવામાં આવ્યો છે પરંતુ તંત્ર દ્વારા શહેરને સ્માર્ટ સીટી બનાવવાનો એક પણ પ્રયાસ થઈ રહ્યો નથી. શહેરને સ્પર્શતા પ્રાણ પ્રશ્નો યથાવત છે. અત્યારે હાલ ચોમાસાની સિઝનમાં નગરના મુખ્ય અને આંતરીક માર્ગો પર ગાયોના ટોળે ટોળા બેસી રહે છે. આ ઢોરને કારણે અત્યાર સુધીમાં અનેક અકસ્માતો થઈ ચુકયા છે. આ બનાવમાં ગાયને પણ ઈજા પહોંચે છે તેમજ નાગરિકોને પણ નાની મોટી ઈજા પહોંચે છે. રખડતા ઢોરને લઈ તંત્ર કોઈ મોટો અકસ્માત સર્જાય તેની રાહ જોઈ બેઠું હોય તેવું લાગી રહ્યું છે. આ સમસ્યાથી છુટકારો અપાવવા અને યોગ્ય નિર્ણય લઈ શહેરને સ્માર્ટ સીટી બનાવવા સે-૨૮ના જાગૃત નાગરિકે મનપા તંત્રને રજુઆત કરી છે. જયારે ઢોરનો પ્રશ્ન દિન પ્રતિદિન માથાના દુઃખાવા સમાન બનતો હોય સત્વરે યોગ્ય તંત્ર દ્વારા કરવામાં આવે તેવું વસાહતીઓ ઈચ્છી રહ્યા છે.

જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની રાજય કક્ષાની રમત ગમત સ્પર્ધા માટે પસંદગી

ગાંધીનગર, તા.૩

રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર આયોજીત જિલ્લા કક્ષાની રમત ગમત સ્પર્ધામાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લઈ શ્રેષ્ઠ પ્રદર્શન કરી શાળાનું ગૌરવ વધારેલ છે અને રાજયકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામેલ છે. શાળા પરિવાર વતી તમામ વિદ્યાર્થીઓને તથા માર્ગદર્શક શિક્ષકોને આચાર્યા નીવાબેન પટેલે અભિનંદન પાઠવ્યા છે.

રાજયકક્ષાની સ્પર્ધામાં નંબર પ્રાપ્ત કરનાર રમતવીરોમાં સ્કેટીંગ માટે ચાવડા ઋતુરાજ વિજયસિંહ, ચેસ માટે પટેલ વ્રજ કનુભાઈ અને ટેબલ ટેનિસ માટે ગાંધર્વ માહિન યુનુસભાઈનો સમાવેશ કરાયો છે.

ચોરીના વાહનો સાથે ત્રણ વાહનચોરોની ધરપકડ

એલસીબીની ટીમે બાતમીને આધારે બેને સાંતેજ અને ત્રીજાને પ્રેસ સર્કલ નજીકથી પકડયો : પલ્સર અને ઈટર્નો રીકવર

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર એલસીબીની ટીમે બે અલગ અલગ સ્થળેથી બાતમીને આધારે વાહનચોરોને ચોરીના વાહન સાથે પકડી પાડયા છે. સાંતેજ નજીકથી ઈટર્નો સ્કુટર સાથે બે શખ્સોને પકડયા છે જયારે પ્રેસ સર્કલ નજીકથી ચોરીના પલ્સર સાથે એકને દબોચી લઈને ધરપકડ કરી સઘન પુછપરછ શરુ કરી છે.

જિલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની ટીમ વાહનચોરો પકડવા સક્રીય થઈ છે ત્યારે પીએસઆઈ એચ.એલ. સોલંકી તથા તેમની ટીમે બે અલગ અલગ સ્થળેથી ત્રણ વાહનચોરોને પકડી પાડયા છે. સે-૩૦ સર્કલથી પ્રેસ સર્કલ વચ્ચેથી જીજે ૦૧ ડી કે ૫૦૨૦ નંબરના પલ્સર બાઈક સાથે દહેગામના પરેશ લાખા રાવળને પકડી પાડયો છે. તેની કડક પુછપરછ કરતાં દોઢેક માસ અગાઉ બોપલ વિસ્તારથી પલ્સર ચોરી કર્યુ હોવાની કબુલાત કરી છે. તેની ધરપકડ કરી વધુ પુછપરછ શરુ કરી છે. તે ઉપરાંત સાંતેજ નજીકથી ઈટર્નો સ્કુટર સાથે મહેસાણાના રાજુ ઉર્ફે રજુ ઠાકોર અને કલોલના વિક્રમ ઉર્ફે વિકો અમરત ઠાકોરને પકડી પાડયા હતા. ઈટર્નોનો નંબર બદલીને તેઓ ફેરવી રહ્યા હતા. સઘન પુછપરછમાં તે ઈટર્નો ચારેક વર્ષ અગાઉ રકનપુર સાંતેજ પાસેથી ચોરી કર્યુ હોવાનું ધ્યાને આવ્યું છે. નંબર પ્લેટ અને વાહનની ચેસીસ નંબરની પ્લેટ તોડી નાંખી ઈટર્નો વાપરતા હોવાનું બહાર આવ્યું છે. પોલીસે ત્રણેયની ધરપકડ કરીને બંને વાહન રીકવર કરી સઘન તપાસ શરુ કરી છે.

ગાંધીનગર શહેરના જન્મદિનની ઉજવણી વોર્ડ નં. ૮ના કોર્પોરેટર પાયલબેન મેણાતે અનોખી રીતે કરી હતી. સે-૨ ની પ્રાથમિક શાળામાં રુબરુ મુલાકાત કરીને વિદ્યાર્થી ભાઈ-બહેનોને ચોકલેટ આપી શહેરનો જન્મદિન ઉજવ્યો હતો. જયારે શાળામાં બાળકોને પડતી હાલાકીની માહિતી મેળવી શાળાના શિક્ષકો સાથે ચર્ચા વિચારણા કરી હતી અને શાળામાં જરુરીયાત હોય તેવી ચીજવસ્તુઓની વિગતો મેળવી ટુંક સમયમાં યોગ્ય કરવા જણાવ્યું હતું. આ પ્રસંગે કાર્યકરો મુકેશ મારુ, અનિલ ચાવડા, વસંત પરમાર, મગનભાઈ પરમાર, વિનોદભાઈ મેણાત હાજર રહ્યા હતા.

શાળાકીય ટેકવોન્ડોમાં સરસ્વતી વિદ્યાલયનો ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી દ્વારા (શાળાકીય ટેકવોન્ડો) સ્પર્ધા સાઈ ખાતે યોજાઈ હતી. જેમાં એસએસવી કેમ્પસના બાળકોએ ઉત્કૃષ્ટ દેખાવ કરી અન્ડર-૧૪માં શાહ ઋષિ ધો-૮ના વિદ્યાર્થીએ ગાંધીનગર જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ હતું તેમજ અન્ડર-૧૯માં સોની ટવીંકલ ધો-૧૧ની વિદ્યાર્થીનીએ ગાંધીનગર જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને એસએસવી કેમ્પસ પરિવારનું ગૌરવ વધાર્યુ છે. એએસવી પરિવારે આ બંને વિદ્યાર્થીઓ વધુને વધુ પ્રગતિ કરે તેવા આર્શીવચન આપ્યા હતા. શાળાના ટ્રસ્ટીશ્રી તેમજ પ્રિન્સીપાલ શ્રી યોગેશભાઈ રાવલે બંને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે. આ બંને વિદ્યાર્થીઓ રાજયકક્ષાએ રમવા માટે પસંદગી પામેલ છે.

'બાલાજી સૂર સંગમ' ઓરકેસ્ટ્રા દ્વારા સ્વ. મહંમદ રફીની પૂણ્યતિથિ નિમિત્તે શ્રધ્ધાંજલી અર્પતો કાર્યક્રમ 'આજ કી શામ રફીકે નામ' ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલ, સે-૧૨ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં સ્વ. મહંમદ રફીના ગીતોની સાથે સાથે સ્વ. મુકેશ, સ્વ. કિશોરકુમાર તેમજ સ્વર સામ્રાજ્ઞી લતાજીના સુમધુર કંઠે ગવાયેલ ગીતો રજુ કરવામાં આવ્યા હતા. સીંગર્સ અમૃત રાવલ, હંસા સુરતી, સંજય ગાવડે, કિશોર પ્રજાપતિ, અતુલ જોષી તેમજ અર્પિત રાવલના સુમધુર કંઠે લોકપ્રિય હિન્દી ગીતો રજુ કરવામાં આવ્યા હતા. આ સંગીતમય કાર્યક્રમનું સમગ્ર સંચાલન અમૃત રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું.

ટૂંકી વાર્તાની વિભાવના અને રચના વિશે શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૩

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજયુકેશન સે-૨૩, ગાંધીનગર અને મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના ઉપક્રમે વિદ્યાર્થીઓને ટૂંકી વાર્તાની લાક્ષણિકતાઓની જાણકારી મળી રહે અને ટૂંકી વાર્તાનું લેખનકાર્ય કરે તે હેતુથી ૨જી ઓગષ્ટ ૨૦૧૬ના રોજ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

સદર કાર્યક્રમના પ્રારંભે પ્રા. નરેન્દ્રભાઈ નાયીએ ઉપસ્થિત મહેમાન લેખિકા ડૉ.બિંદુબેન ભટ્ટનો પરિચય આપી સાહિત્યના ક્ષેત્રે તેમણે આપેલા પ્રદાન વિશેની માહિતી આપી હતી. ત્યારબાદ લેખિકા ડૉ. બિંદુબેન ભટ્ટે વાર્તા એટલે શું? ટૂંકી વાર્તામાં કથાવસ્તુ, પાત્રાલેખન કલા, ભાષા શૈલી, સંવાદકલા અને સંઘર્ષ કેવો હોવો જોઈએ એના વિશે ઝીણવટપૂર્વકની માહિતી આપી હતી અને શિબિરાર્થીઓને વાર્તાલેખન કેવી રીતે કરી શકાય તેની માહિતી આપી હતી. પ્રસ્તુત કાર્યક્રમમાં ડૉ. આર.જે. વ્યાસ તેમજ સર્વ વિદ્યાલય કેળવણી મંડળની વિવિધ શાળા કોલેજના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સુરેશ રત્નોત્તરનું સુગમ સંગીત ગુજરાતી ચેનલ પર

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના જાણીતા અને આકાશવાણી દુરદર્શનના બી હાઈ ગ્રેડના કલાકાર સુરેશકુમાર રત્નોત્તર તા. ૪-૮-૨૦૧૬ના રોજ જીટીપીએલ ગુજરાતી ચેનલ નં. ૬૦૯ પર રાત્રે ૮.૩૦ કલાકે સુગમ સંગીત પ્રસ્તુત કરશે. જેમાં નીનુ મજમુદારની રચના 'પંખીએ કલશોર કર્યો ભાઈ' શૈલેષ પંડયા 'ભીનાશ'ની ગઝલ 'કારણ વગર છલકે હજી ખોબો ભરી ભરી' તથા વિનોદ જોષીનું ગીત 'એક કાચી સોપારીનો કટકો રે-લાવજો મારા મોંઘા મે'માન' રજુ કરશે. જેનો નગરના સુગમ સંગીતના રસિકજનોને લાભ લેવા અનુરોધ કરાયો છે.

વાતવાતમાં

● પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થતા જ શ્રધ્ધાળુઓ ભકિતભાવમાં તરબોળ થવા લાગ્યા છે. વોર્ડ નં. ૧ના નગરસેવિકા હર્ષાબા દાંદલ વર્ષોથી શ્રાવણ માસમાં મૌનવ્રત પાળે છે તે મુજબ તેમણે આ વર્ષે પણ તેમના મૌનવ્રતનો પ્રારંભ કર્યો હતો.

● સે-૧૬માં પાટનગર યોજના ભવનની પાછળ આવેલા બગીચામાં એક તોતીંગ વૃક્ષ પડી જવા પામ્યું હતું. ઘણા દિવસથી આ વૃક્ષ નમી પડયું હોવાથી તેના પડવાનું જોખમ હતું તેથી વન વિભાગને આગોતરી જાણ પણ કરાઈ હતી છતાં તે અંગે કોઈ કાર્યવાહી કરવામાં આવી નહોતી.

● નવા નિર્માણ પામેલા સહયોગ સંકુલમાં પુરુષો અને મહિલાઓ માટેના ટોયલેટસ એવી રીતે બનાવાયા હતા કે લોબીમાંથી આખો ટોયલેટ બ્લોક ખુલ્લો દેખાતો હતો. છેવટે આ ટોયલેટસના દરવાજે વચ્ચે અડધા આપોઆપ બંધ થઈ જાય તેવા દરવાજા લગાડી આડશ ઉભી કરી દેવાઈ છે.

● સિવિલ હોસ્પિટલના એકસરે વિભાગમાં નવી ૧૫ ડસ્ટબીનો મુકવામાં આવી છે. આ ડસ્ટબીનોના ઉપયોગથી સમગ્ર વિભાગમાં સ્વચ્છતા જળવાશે તેવી આશા સેવાઈ રહી છે.

ગાંધીનગર પ્રજાપતિ સમાજના પ્રમુખ તરીકે ચીમનભાઈ પ્રજાપતિની વરણી

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર નગરપાલિકા ભવન ખાતે ૩૧મી જુલાઈ ૨૦૧૬ના રોજ યોજાયેલી ગાંધીનગર પ્રજાપતિ સમાજની ચુંટણીમાં શ્રી ચીમનભાઈ સોમાભાઈ પ્રજાપતિ (વાવોલ) જંગી બહુમતિથી ચુંટાઈ આવતા યોજાયેલી કારોબારી બેઠકમાં સભ્યશ્રીઓ દ્વારા સર્વ સંમતિથી પ્રમુખ તરીકે શ્રી ચીમનભાઈની વરણી કરવામાં આવી છે.

વધુમાં તેઓએ વર્ષોથી સમાજ હિતના કાર્યોમાં સક્રિય રીતે અવિરતપણે સેવાઓ આપતા આવ્યા છે. તેમના સમાજ તરફના આ મહામૂલા યોગદાનને લઈને સમાજ દ્વારા તેમને પ્રમુખ તરીકેની અગત્યની જવાબદારી સોંપવામાં આવી છે.

નવનિયુકત શ્રી ચીમનભાઈએ તેઓની સર્વ સંમતિથી પ્રમુખ તરીકે વરણી કરવા બદલ કારોબારી તથા સમાજના દરેક સભ્યોનો આભાર વ્યકત કરીને સમાજના વિકાસ માટે સતત કાર્યશીલ રહેવા ખાતરી આપી હતી.

સે-૧૨માં બિસ્માર માર્ગથી વસાહતીઓ પરેશાન

વોર્ડ નં. ૬માં રોડના કામો પાંચ વર્ષથી થયા નથી : કોર્પોરેટર પીન્કીબેન પટેલે અનેક વખત લેખિત રજૂઆત કરી છતાં પાટનગર યોજના વિભાગની અક્ષમ્ય ઉપેક્ષા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં. ૬ના કોર્પોરેટર પિન્કીબેન પટેલે તેમન વોર્ડમાં સે-૧૨ ખાતે રોડની હાલત દયનીય થવાથી વસાહતીઓને પડી રહેલ પારાવાર મુશ્કેલીઓને ધ્યાનમાં રાખી સત્વરે રોડનું મરામત કામ હાથ ધરવા પાટનગર યોજના વિભાગને વિનંતી કરી હતી. આ ઉપરાંત તેમના વોર્ડમાં છેલ્લા પાંચ વર્ષથી રોડના કામો થયા નથી જેના કારણે રોડની પરિસ્થિતિ ગંભીર હોવાની રાવ સાથે પાટનગર યોજના વિભાગ દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ કામગીરી હાથ ધરાતી નથી તેવી ફરિયાદ ઉઠાવી છે.

પિન્કીબેન પટેલ દ્વારા જુલાઈ માસની ૩૦મી તારીખે પાટનગર યોજના વિભાગના કાર્યપાલક ઈજનેરને પત્ર લખી સે-૧૨ના બિસ્માર માર્ગને છેલ્લા પાંચ વર્ષથી કોઈ મરામત ના થઈ હોવાથી તેની સરફેસ પર લાઈનીંગ થઈ ગઈ હોવાથી ટુ વ્હીલર ચાલકો માટે જોખમી બની ગયો હોવાનું જણાવતા તેની સત્વરે મરામત કરાવવા વિનંતી કરતો પત્ર લખ્યો હતો. આ અગાઉ પણ તેમણે આ બાબતે પત્રો લખી ધ્યાન દોર્યુ હોવા છતાં પાટનગર યોજના વિભાગના નઘરોળ તંત્ર દ્વારા કોઈ જ પગલા લેવાયા નથી. હવે તો પ્રજાએ ચુંટીને મોકલેલા લોકસેવકની રજુઆતોને જો પાટનગર યોજના વિભાગ ગંભીરતાતી ના લેતું હોય તો સામાન્ય નાગરિકની રજૂઆતને તો શું સાંભળશે? હાલ સેકટર-૭, ૮, ૯, ૧૦, ૧૧ , ૧૨ અને ધોળાકુવા વિસ્તારના વોર્ડ નં. ૬માં રોડના કામો છેલ્લા પાંચ પાંચ વર્ષથી થયા નથી જેના કારણે પરિસ્થિતિ ગંભીર બની છે. અનેક અકસ્માતો પણ સર્જાયા છે છતાં પાયો વિના પેટનું પાણી હાલતું નથી. વસાહતીઓ દ્વારા અનેક રજૂઆતો કરાઈ હોવા ઉપરાંત કોર્પોરેટર પિન્કીબેન પટેલ દ્વારા પણ વારંવાર પત્ર લખી ફરિયાદ કરાઈ હોવા છતાં પાટનગર યોજના વિભાગ આ બાબતે અક્ષમ્ય ઉપેક્ષા કરી રહ્યો છે જેથી રહેવાસીઓમાં રોષની લાગણી વ્યાપી છે જેને વાચા આપવા પિન્કીબેન પટેલે અખબારી યાદી દ્વારા અવાજ ઉઠાવ્યો છે. પાટનગર યોજના વિભાગ એક કોર્પોરેટરની વેદના સમજી સત્વરે રોડ મરામતનું કાર્ય હાથ ધરે તે સ્તુત્ય છે.

દેહદાન

અમદાવાદ મણીનગર બિનય પાર્ક ખાતે રહેતા સ્વ. વિમળાબેન મનુભાઈ પટેલ (ઉ.વ. ૭૫)નું ગત તા. ૩૧-૭-૧૬ના રોજ દુઃખદ અવસાન થતાં તેઓના કુટુંબીજન સુરેશભાઈ પટેલની સંમતિથી સદગતના દેહનું દાન લેવામાં આવ્યું હતું. આ દેહદાન જુસીકા દ્વારા મેડીકલ કોલેજ ગાંધીનગરને અર્પણ કરવામાં આવ્યું હતું. મેડીકલ કોલેજના ડૉ. સુરેન્દ્ર, ડૉ. હિરેન તથા જુસીકાના કાર્યકર હિતેષ રાવલ, હિતેષ દવે, અશોક સોમાણી, સન્ની વાઘેલા આ કાર્યમાં ઉપસ્થિત રહ્યા હતા.

ચિરવિદાય

- સ્વ. માસંગજી બબાજી ઠાકોર, ઉ.વ.૫૫
- સ્વ. પ્રહલાદભાઈ ડાહ્યાભાઈ બજાણીયા, ઉ.વ.૪૦
- સ્વ. મફાજી કાકુજી ઠાકોર, ઉ.વ.૮૫
- સ્વ. મહેશ્વરીદેવી મદનસિંહ તિરવા, ઉ.વ.૬૦
- સ્વ. વિઠ્ઠલભાઈ સોમાભાઈ પ્રજાપતિ, ઉ.વ.૭૪
- સ્વ. શાંતિલાલ કાનજીભાઈ સમેજા ઉ.વ.૮૮